ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત).

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 23rd July, 2018

પ્રતિ,

તંત્રી શ્રી,

.................................., ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા આહામી ઓગસ્ટ -૨૦૧૮ મહિનામાં
યોજાશે ઇન્ફોર્મેશ અને ટેકનોલોજી વિષય પર યોજાશે **જીલ્લા કક્ષાણી નેશનલ રૂરલ આઈ.ટી ક્વીઝ**

આજના ઝડપથી બદલાતા સમયમાં વિજ્ઞાન અને ટેકનોલોજીની સાથે ઇન્ફોર્મેશન અને ટેકનોલોજી ક્ષેત્ર પણ હરણફાળ ભરી રહ્યું છે. જેના કારણે રોજબરોજ નવી નવી એપ્લીકેશનની સાથે ઝડપથી માહિતી મેળવવી સરળ બની છે. ટેકનોલોજીના વિકાસ સાથે ગ્રામ્ય વિસ્તારના વિધાર્થીઓ પણ ઇન્ફોર્મેશન અને ટેકનોલોજી ક્ષેત્રે પ્રગતિ સાધે તેવા હેતુથી દર વર્ષે ટાટા કન્સલ્ટન્સી સર્વિસ (TCS) અને વિજ્ઞાન વિભાગ, કર્ણાટક સરકારના સંયુક્ત ઉપક્રમે દેશભરના ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ માટે નેશનલ રૂરલ આઈ.ટી. ક્વીઝનું વિવિધ સ્તરે આયોજન કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યમાં રાજ્ય કક્ષાનું આયોજન ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST), ગાંધીનગર દ્વારા પ્રતિ વર્ષે કરવામાં આવે છે. જેના ભાગ રૂપે જીલ્લા કક્ષાએ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST), ગાંધીનગર દ્વારા અધિકૃત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા જીલ્લા કક્ષાની નેશનલ રૂરલ આઈ. ટી. ક્વીઝ – ૨૦૧૮નું આયોજન આગામી ઓગસ્ટ -૨૦૧૮માં થનાર છે.

જીલ્લા કક્ષાની રૂરલ આઈ. ટી. ક્વીઝમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ ૮ થી ૧૨માં અભ્યાસ કરતા વિધાથીઓની શાળા દીઠ વધુમાં વધુ ૧ ટીમ (૧ ટીમમાં ૨ વિદ્યાર્થીઓ) ભાગ લઇ શકશે. આ સ્પર્ધામાં ફક્ત ગ્રામ્ય વિસ્તારના જ વિધાથીઓ ભાગ લઇ શકે છે. આ સ્પર્ધામાં ઇન્ફોર્મેશન અને ટેકનોલોજી ક્ષેત્રના પ્રશ્નો પૂછવામાં આવશે. જેની ભાષા અંગ્રેજી રહેશે.

આ રૂરલ આઈ.ટી ક્વીઝમાંમાં ભાગ લેવા ઈચ્છતી શાળાએ ભાગ લેનાર વિદ્યાર્થીનું નામ, ધોરણ તથા માર્ગદર્શક શિક્ષકનું નામ, શિક્ષક / આચાર્યનો મોબાઈલ નંબર અને ઈ-મેઇલ સહિતની વિગતો શાળાના લેટર હેડ પર લખી તા.૦૫ .૦૮.૨૦૧૮ સુધીમાં કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, 'વિજ્ઞાન ભવન', પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ, પંજાબ નેશનલ બેંક વાળી ગલી, હિલ ડ્રાઈવ, ભાવનગર ખાતે રૂબરૂ, ફોન (0278 2570111) ઈ - મેઈલ (krcscbvn@gmail.com) અથવા WhatsApp (88 66 570 111) દ્વારા ફરજીયાત નોંધણી કરવી લેવા જણાવ્યું છે.

જીલ્લા કક્ષાની રૂરલ આઈ.ટી ક્વીઝ– ૨૦૧૮ અંગેની વધુ માહિતી માટે www.krcscbhavnagar.org પર અથવા **88 66 570 111** પર સંપર્ક કરી શકાશે.

23-7-18
(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.

D:\2018-19\All Letter and Press Note 2018-19 \Press of KRCSC FL 2018-19